# સર્વે સત્સંગી ભાઈઓ/બહેનો માટે

## *સંસ્કાર પોષક ધાર્મિક પરીક્ષા*

આથી તમામ સત્સંગી ભાઈઓ-બહેનો તેમજ નાના-મોટા વિદ્યાર્થીઓને જણાવવામાં આવે છે કે શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન, મણિનગર દ્વારા સંસ્કાર દીપિકા ભાગ-૧ અને ભાગ-૨ની ધાર્મિક પરીક્ષાઓ અગાઉ લેવામાં આવી હતી.

આવી પરીક્ષાઓથી સત્સંગીસમાજમાં જ્ઞાનની વૃદ્ધિ થાય છે, નવું જાણવાનું મળે છે અને એક પ્રકારનો અનેરો ઉત્સાહ તમામ પરીક્ષાર્થીઓમાં જોવા મળે છે. વળી આ પરીક્ષાઓ આપનાર ઉપર શ્રીજીબાપા સ્વામીબાપાની અઢળક પ્રસન્નતા ઊતરે છે. તેમજ સદ્ધર્મરત્નાકર પરમ પૂજ્ય આચાર્ય સ્વામીશ્રીના આશીર્વાદ પ્રાપ્ત થાય છે માટે શક્ય હોય તે સર્વએ ઉંમરનો બાધ રાખ્યા સિવાય આ પરીક્ષાઓ આપવાની તૈયારી કરી પરીક્ષાઓ આપવી.

***'શ્રી મુક્તજીવન સ્વામીબાપા શતાબ્દી મહોત્સવ'*** ના ઉપક્રમે પૂર્વોક્ત પરીક્ષાના કાર્યક્રમને આગળ ધપાવવાના પરમ પૂજ્ય આચાર્ય સ્વામીશ્રીના શુભ સંકલ્પને અનુસરી હવે પછી તે પરીક્ષાઓમાં દર વર્ષે એક એક પરીક્ષાનો વધારો કરવામાં આવશે. આ અંગેની માહિતી નીચે મુજબ છે.

**(૧) પ્રથમ પરીક્ષા**

પ્રથમ પરીક્ષાનો અભ્યાસક્રમ સંસ્કાર દીપિકા ભાગ-૧ રહેશે. અગાઉ જેણે આ પરીક્ષા પાસ કરી હોય તેણે આ પરીક્ષા ફરીથી આપવી જરૂરી નથી. આ પરીક્ષાનું નમૂનાનું પ્રશ્નપત્ર સંસ્કાર દીપિકા ભાગ-૧માં આપેલું છે.

**(૨) બીજી પરીક્ષા**

બીજી પરીક્ષાનો અભ્યાસક્રમ સંસ્કાર દીપિકા ભાગ-૨ રહેશે. પ્રથમ પરીક્ષા પાસ થયેલ વ્યક્તિ આ બીજી પરીક્ષા આપી શકશે. જેણે આ પરીક્ષા પાસ કરી હોય તેણે ફરીથી આ પરીક્ષા આપવી જરૂરી નથી. આ પરીક્ષાનું નમૂનાનું પ્રશ્નપત્ર સંસ્કાર દીપિકા ભાગ-૨માં આપેલું છે.

**(૩) ત્રીજી પરીક્ષા**

પ્રથમ અને બીજી પરીક્ષા પાસ થયેલ વ્યક્તિ આ ત્રીજી પરીક્ષા આપી શકશે. ત્રીજી પરીક્ષાનો અભ્યાસક્રમ સંસ્કાર દીપિકા ભાગ-૩ (શિક્ષાપત્રી અને અમૃતબિંદુ ભાગ-૧) રહેશે. આ પરીક્ષાનો અભ્યાસક્રમ તથા નમૂનાનું પ્રશ્નપત્ર અહીં 'શ્રી ઘનશ્યામ વિજય'માં આપવામાં આવ્યું છે. અને તેની **'સંસ્કાર દીપિકા ભાગ-૩'**ની અલગ પુસ્તિકા પણ પ્રસિદ્ધ કરવામાં આવશે.

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar

**(૪) ચોથી પરીક્ષા**

ચોથી પરીક્ષાનો અભ્યાસક્રમ અને ગુણાંકન નીચે પ્રમાણે રહેશે. અગાઉની ત્રણ પરીક્ષા પાસ કરેલ વ્યક્તિ આ પરીક્ષા માટે લાયક ગણાશે.

| | |
|---|---|
| શ્રી સ્વામિનારાયણ ગાદી ગ્રંથ | - ૭૦ ગુણ |
| અમૃતબિંદુ ભાગ-૨ | - ૨૦ ગુણ |
| સ્વાભાવિક ચેષ્ટાનાં ૧૦ પદ | - ૧૦ ગુણ |

**(૫) પાંચમી પરીક્ષા**

પાંચમી પરીક્ષાનો અભ્યાસક્રમ અને ગુણાંકન નીચે પ્રમાણે રહેશે. અગાઉની ચારેય પરીક્ષા પાસ થયેલ વ્યક્તિ પાંચમી પરીક્ષા માટે લાયક ગણાશે.

| | |
|---|---|
| શ્રી જીવનપ્રાણ સ્વામીબાપાની વાતો ભાગ-૧માંથી અમુક વાતો | - ૩૫ ગુણ |
| શ્રી જીવનપ્રાણ સ્વામીબાપાની વાતો ભાગ-૨માંથી અમુક વાતો | - ૩૫ ગુણ |
| અમૃતબિંદુ | - ૨૦ ગુણ |
| વંદુનાં પદ - ૮ | - ૧૦ ગુણ |

**(૬) છઠ્ઠી પરીક્ષા**

છઠ્ઠી પરીક્ષાનો અભ્યાસક્રમ અને ગુણાંકન નીચે મુજબ રહેશે. અગાઉની બધીજ પરીક્ષા પાસ કરનાર વ્યક્તિ આ છઠ્ઠી પરીક્ષા માટે લાયક ગણાશે.

| | |
|---|---|
| શ્રી અબજી બાપાશ્રીની વાતો ભાગ-૧માંથી અમુક વાતો | - ૪૦ ગુણ |
| શ્રી અબજી બાપાશ્રીની વાતો ભાગ-૨માંથી અમુક વાતો | - ૪૦ ગુણ |
| અમૃતબિંદુ | - ૨૦ ગુણ |

**(૭) સાતમી પરીક્ષા**

સાતમી પરીક્ષાનો અભ્યાસક્રમ અને ગુણાંકન નીચે મુજબ રહેશે. અગાઉની બધીજ પરીક્ષા પાસ કરનાર વ્યક્તિ આ સાતમી પરીક્ષા માટે લાયક ગણાશે.

| | |
|---|---|
| શ્રી રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા સહ વચનામૃતમાંથી અમુક વચનામૃત | - ૪૦ ગુણ |
| શ્રી મુક્તજીવન સ્વામીબાપા લીલામૃતસુખસાગરમાંથી અમુક તરંગો | - ૪૦ ગુણ |
| અમૃતબિંદુ | - ૨૦ ગુણ |

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar

*ઉપરોક્ત પરીક્ષાઓ માટે નીચેના નિયમો નક્કી કરેલ છે.*

# નિયમો

(૧) પરીક્ષાનું મુખ્ય કેન્દ્ર ‘શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગર’ રહેશે.

(૨) ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ (પરીક્ષાર્થીઓ) થશે તે દરેક ગામ કે શહેરમાં કેન્દ્ર ફાળવવામાં આવશે; જેનું સંચાલન સ્થાનિક રહેતા કેન્દ્ર વ્યવસ્થાપકે કરવાનું રહેશે. ૨૫ થી ઓછી સંખ્યા હોય તો મુખ્ય કેન્દ્રનો સંપર્ક સાધવો.

(૩) કેન્દ્ર લેવાની ઈચ્છાવાળા હરિભક્તે મુખ્યકેન્દ્રનો સંપર્ક સાધવો.

(૪) દરેક કેન્દ્ર વ્યવસ્થાપકને ઉત્તરવહીઓ અને પ્રશ્નપત્રો પહોંચાડવામાં આવશે.

(૫) દરેક કેન્દ્ર પર એક જ તારીખે અને એક જ સમયે પરીક્ષા લેવામાં આવશે. જેની જાણ મુખ્ય કેન્દ્રથી કરવામાં આવશે.

(૬) કેન્દ્ર વ્યવસ્થાપકે પરીક્ષાની બેઠક વ્યવસ્થા તેમજ સુપરવીઝનની વ્યવસ્થા કરવાની રહેશે.

(૭) પરીક્ષા લેવાઈ ગયા બાદ ઉત્તરવહીઓ મુખ્ય કેન્દ્ર (મણિનગર)માં પરત કરવાની રહેશે.

(૮) પરીક્ષાનું પરિણામ મુખ્ય કેન્દ્ર મણિનગરથી જ બહાર પડશે અને પાસ થનાર પરીક્ષાર્થીઓના ગુણ તથા પાસ થયાનાં સર્ટીફીકેટ જે તે કેન્દ્ર વ્યવસ્થાપકે પરીક્ષાની તારીખથી ૨૫ દિવસમાં મુખ્ય કેન્દ્ર (મણિનગર)માંથી મેળવી લેવાના રહેશે.

(૯) પરીક્ષાની તારીખથી એક મહિના બાદ એટલે કે બીજા મહિનાની તે જ તારીખે કેન્દ્રના વ્યવસ્થાપકે પરિણામ બહાર પાડવાનું રહેશે.

(૧૦) પરીક્ષાર્થીને તેની ઉત્તરવહી જોવા દેવામાં આવશે નહીં.

(૧૧) પરીક્ષા અંગેની જાહેરાત જે તે કેન્દ્ર વ્યવસ્થાપક પોતાની રીતે સ્વખર્ચે સ્થાનિક પેપરમાં આપી શકશે. શ્રી ઘનશ્યામ વિજયમાં જાહેરાત તંત્રીશ્રી આપશે.

(૧૨) પરીક્ષા અંગેના સર્વ હક મુખ્ય કેન્દ્ર (મણિનગર) સંચાલકને આધીન રહેશે.

(૧૩) પરીક્ષા સ્થળે પરીક્ષાર્થીએ સ્વખર્ચે આવવાનું રહેશે. ઉત્તરવહી અને પ્રશ્નપત્ર સંસ્થા તરફથી આપવામાં આવશે. પેન-પેન્સિલ વગેરે લખવાનું સાધન પરીક્ષાર્થીએ જાતે લાવવાનું રહેશે.

(૧૪) સામાન્યતઃ પરીક્ષાનો સમય નવેમ્બર માસમાં રહેશે.

(૧૫) કોઈ સત્સંગી લખી શકે તેમ ન હોય તેવા પરીક્ષાર્થીઓ માટે અનુકૂળ રીતે મૌખિક પરીક્ષાની સગવડ કરી આપવામાં આવશે; પરંતુ તે માટેના પ્રશ્નપત્રો અને અભ્યાસક્રમ બધાને માટે છે તે જ રહેશે.

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar

(૧૬) પરીક્ષા અંગેનાં ફોર્મ મુખ્ય કેન્દ્ર શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગર ખાતેથી મેળવી લેવાના રહેશે, અને તે ફોર્મ ભરી નિયત સમયે પોતે જે કેન્દ્રમાં પરીક્ષા આપવા બેસવા ઈચ્છતા હોય તે કેન્દ્રમાં પરત કરવાના રહેશે. ફોર્મ પરત કરવાની તારીખની જાણ શ્રી ઘનશ્યામ વિજય માસિકમાં કરવામાં આવશે.

(૧૭) આ વર્ષે **'સંસ્કાર દીપિકા ભાગ-૧'**, **'સંસ્કાર દીપિકા ભાગ-૨'** અને **'સંસ્કાર દીપિકા ભાગ-૩'** એમ ત્રણ પરીક્ષા લેવામાં આવશે.

સંસ્કાર દીપિકા પરીક્ષા સમિતિ
શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન,
શ્રી સ્વામિનારાયણ મંદિર
મણિનગર, અમદાવાદ - ૩૮૦૦૦૮

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar